ડોસો—એની ચોકખું લખેલું છે. જીવમાં અસુખ વધ્યું. દેશના વૈદ તેડયા. રોગ ઘણો વધ્યો. પીડા જોઇ ગાંધીજી આવ્યાને મરી મસાલો આપ્યો. આ ગાંડપણ નહિ તો શું? કોઇને મારી નાંખશે તો! રોગમાં દવા અપાય, મરી મસાલો કંઇ અપાય?

છોકરો—એ કોઇ માંદાં માણસની વાત નથી. એ તો આપણા દેશની વાત છે. દેશમાં નબળા રિવાજો દાખલ થયા. ધંધા પડી ભાંગ્યા. દારૂતાડી બહુ પીવાવા લાગ્યા! ને એથી દેશ એવાં એવાં બાબતમાં સપડાયો તેને રોગ કહ્યો છે.

ડોસો—વાત માન્યામાં આવતી નથી. "જેમ જેમ માગીઓ તેમ તેમ આપીઓ' "આખા હિંદ તો જાગીઓ" આ શું? મસાલો નહિ આપ્યો તો બીજું શું? ગાંધીજીને મસાલો જોઇએ શું કરવા! બજારના ગાંધીઓ છો વેચતા? વલ્લભભાઇ ને બીજા લોકો પણ કંઇ કહેતા નથી?

છોકરો—મસલામાં તમે સમજ્યાજ નથી. ઉપર જે રોગની વાત મેં કરી તે કાઢવા રેંટીયો, દારૂતાડી છોડી દેવાની વાત, સાદાઇ ને મહેનતુપણાથી ચાલવું, દેશમાંજ રેંટીયાના સુતરથી બનેલી ખાદી પહેરીને પૈસા પરદેશ જવા દેવા નહિ એવા એવા ઉપાય બતાવ્યા તેનું નામ—મરી મસાલો.

ડોસો—તું કહે ખરો પણ મનાય કેમ? રાનીપરજે મસાલો ચાખ્યો. ચાખ્યો તો ચાખ્યો પણ આખા ડીલ પર પણ નાંખ્યો. આમ લખ્યું છે. આ તો નક્કીજ કોઇ જાતનો મસાલો. તું માને કે નહિ માને પણ ગાંધીજીની દાનત મસાલાનો વેપાર કરવાની લાગે છે. જો ગાંધીજી વેપાર કરશે તો પેલા એના ચેલા બધાને લઈ પડશે.

છોકરો—રાનીપરજે મસાલો ચાખ્યો તે કંઇ ખરેખરો મસાલો નથી. ગાંધીજીનો ઉપદેશ સાંભળી રાનીપરજે દારૂતાડી છોડયાં ને છોડવા માંડયાં. વળી રેંટીયો કાંતી કપડાં પણુ જાતેજ કરવા માંડયા તે વાત છે. રાનીપરજને એ ઉપદેશ એટલો બધો ગમ્યો કે, હજારો કુટુંબ એકદમ દારૂતાડી છોડી શરીરની અંદરથી ને ખાદીનાં શુદ્ધ કપડાં પહેરી બહારથી શુદ્ધ થવા લાગ્યા તે.

ડોસો—અલ્યા છોકરા, તને પણ મસાલો મફત મળતો છે કે શું? તું ઉંધુ ઉંધું કાં સમજાવે? જોની ચોકખું લખ્યું છે કે તેજાનો ઘણો ગુણકારી છે ને રોગીના રોગને હરી લીધો. નબળા જોરાવર થવા ને પગમાં નવું જોર આવ્યું. આ શું બતાવે? આ તે મસાલો ખપાવવાની વાત છે.

છોકરો—તેજાનો ગુણકારી છે, તેની વાત એમ છેઃ રાનીપરજને બીજા જે જે લોકો દારૂતાડી છોડી દીધાં ને રેંટીયાના સુતરની ખાદી પહેરી, તેના ઘરમાં પૈસાનો બચાવ થયો. એટલે લોકોમાં પૈસા બચવાથી પેટ ભરીને ખાય, પુરાં કપડાં પહેરે, છોકરાંને ભણાવે એટલે નવું બળ—જોર આવ્યું, તે કહ્યું છે.

ડોસો—છોકરા! પેલા બારડોલીવાની સોબત તને હો લાગેલી છે કે શું? જોની? છેલ્લે એટલે સુધી કહ્યું છે કે, બધા ભાઇઓએ ગાંધી મસાલો ગજવામાં ઘાલીને ફરવું. શાકમાં નાખજો, પાકમાં નાખજો, ને એમને એમ ફાકજો. આટલે સુધી કહ્યું છે. એકદમ મસાલો ખપાવીને પૈસાદાર થવાની વાત છે. માધાજીને હો માયા વળગી ખરી!

છોકરો—દાદા! હજુ તમને સમજાયું નહિ. ગજવામાં રાખવો શાકમાં નાખવો, પાકમાં નાંખવો ને એમને ફાકવો એમ એમ કહ્યું એનો

અર્થ એવો છે કે, ગાંધીજીના ઉપદેશ ને રાત ને દિવસ મનમાં રાખી તે પ્રમાણે ચાલવાનું કહ્યું છે.

ડોસો—ગાંધી મસાલો એટલે એટલે ગાંધીજીનો ઉપદેશ એમ તું કહે છે એ ઉપર તેં ખુલાસાવાર બધું જણાવ્યું તે ઉપરથી કંઇક માનવા જેવું લાગે છે પણ સાચે સાચુ કે'ની કે, ગાંધીજીએ કંઇ મસાલો તૈયાર કરેલો છે કે નહિ? જાણે કે તૈયાર કરેલો હોય તો પછી તે ખપાવવા સારૂ આવું ભજન બનાવ્યું હોય તો?

છોકરો—ધારો કે, મસાલો તૈયાર કરેલો હોય પણ તે ભજન બનાવવાથી કેવી રીતે ખપે?

ડોસો—ગાંધી મસાલો, ગાંધી મસાલો એમ બધે થઇ જાય ને પછી ધીમે રહીને દુકાન ખોલે તો ખપત સારી થાય.

છોકરો—એમ દુકાન કંઈ ખોલાતી હશે? મુળમાં ગાંધી મસાલો એટલેજ ગાંધીજીનો ઉપદેશ ત્યાં મસાલો ને દુકાનની તો વાતજ ક્યાં?

ડોસો—એ ભજન બનાવ્યું કોણે?

છોકરો—રાનીપરજના ઉકાભાઇ ગોવિંદભાઇ કરીને એક ચોધરી માસ્તર છે તેણે.

ડોસો—શું કહે? રાનીપરજના માણસે? રાનીપરજના લોકોમાં કવિ પણ પાકયા એમ? આ ભજન તેં તે અર્થ કર્યા પ્રમાણે બહુ ઉંડા અર્થ ને ભાવવાળું છે.

છોકરો—ગાંધીજીનો ઉપદેશ—ગાંધી મસાલાની ખૂબીજ એ છે. એવા તો બીજા પણ ભજન લખવાવાળા રાનીપરજમાં છે.

ડોસો—હા ભાઇ! હવે તો તારી વાત ખરી માનું કે ગાંધી મસાલો એટલે ગાંધીજીનો ઉપદેશ. કારણ, રાનીપરજના ભાઇએ ભજન

બનાવેલું છે તેથી. રાનીપરજ ભોળી ભલી ને વિશ્વાસુ હોય છે. બીજા કોઇ ઉજળીયાતનું બનાવેલું આ ભજન હોય તો તારી વાત માનતે નહિ.

છોકરો—કેમ ?

ડોસો—ઉજળીયાત લોકોમાં ઘાલમેલ કરવાવાળા ને હોય શું ને કહે શું ? એવા પણ માણસો હોય છે તેથી.

છોકરો—જમાનો આગળ વધે છે. એમાં હવે અંધેર ખાતું ચાલે નહિ.

ડોસો—ઠીક ! મસાલો એટલે ગાંધીજીનો ઉપદેશ ! એ તો જાણે સમજ્યા ! પણ દારૂતાડીમાં રૂા. કેટલા જાય છે તે જાણે છે ?

છોકરો—સુરત જીલ્લામાંથી રૂા. ૩૬ લાખ લગભગ સરકારને એહક ફીના આપવામાં આવે છે ને પીઠાંવાળાનો નફો એ બધું ગણીએ તો પોણો કરોડ રૂા. પીનારના ઘરમાંથી જાય.

ડોસો—અલલલ ! આ શું વાત ? આ તો સરકારને જમીન મહેસુલ ભરીએ તેના કરતાં પણ વધારે. સરકાર મહેસુલ વધારે ત્યારે લોકો બૂમ મારી ઉઠે છે કે, હમારાથી ભરાતું નથી ત્યારે રૂા. પોણો કરોડ દારૂતાડી ઢીંચવાના ક્યાંથી લાવે ? સરકારનો વાંક કાઢવા કરતાં એ મ્હોકાણને કાઢી રૂા. ઘરમા બચાવેને ?

છોકરો—વાત તેજ છે ! આખું ગુજરાત ને દેશના ઘણા ભાગમાં એ બદી છે. બધા છોડે તો દેશનો દહાડો ફરી જાય.

ડોસો—રાનીપરજના બીજા લોકોએ કવિતા બનાવેલી છે એમ કહ્યું છે ત્યારે તે કોણે કોણે બનાવેલી છે તે જરા કહી સંભળાવની ?

છોકરો—**જીવણસિંહ નરસિંહ** ગામીતે બનાવેલું તે સાંભળો.

પાછે કવે હુધરે?

: એનો ભુંડો ને વિચાર કઅ ઉંડો,
મામા ભાયા! પાછે કવે હુધરે?—વખત.
ડો દારૂ તાડી ને રખડે ખેતીવાડી,
મામા ભાયા! પાછે કવે હુધરે?—વખત.
. સગેં લડયેં ને જૂદેં જૂદેં પડયેં,
મામા ભાયા! પાછે કવે હુધરે?—વખત.
દવિચે હારં આખ્યં ને તીં બી ઉડવી ટાકયં,
મામા ભાયા! પાછે કવે હુધરે?—વખત.
સારી ગોઠ નાંઇ માને ને ફીએ વગર ભાને,
મામા ભાયા! પાછે કવે હુધરે?—વખત.
વાહીખાન* દુખ પડતાં તું મંડયો દારૂ પીતો,
મામા! ભાયા! પાછે કવે હુધરે?—વખત.
ગોઠ મારી માની તું ચેત આમી આમી †
મામા ભાયા! પાછે કવે હુધરે?—વખત.

છોકરો–કીકાભાઈ રણછોડજી ઢોડીયાએ બનાવેલું તે સાંભળો.

આઘે આઘે જાજે દારૂ

આઘે આઘે જાજે દારૂ,
આમણે ઘરમાંય રખે રા;
આઘે આઘે જાજે તાડી,
આમાણે ઘરમાંય રખે રા!

---

* જરાક † હમણાં ને હમણાં

આમણે ઘરમાં તું આવનો,
આવીને લઇને નાઠો રા. ૧

ખાવના લેય ગો આબરૂ લેય ગો,
લેય ગો ડીલાચ ચીંથરાં રા. ૨

અકકાલ લેય ગો, શક્તિ લેય ગો,
રંવ દેધેં હાડકેં ને ચામડેં રા, ૩

તુણેજ ઘેનમાં કાંઈ નાંય હુજે,
ખેતી જાય બધી રવડી રા. આ૦

બાહુ ઢીખરો જૂના રાખે,
અહો તું કટ્ટો દુશ્મન રા. આથે.

છતે જીવતે મારીજ લાખે,
અહો તું મોટો દુશ્મન રા. આથે.

તું જો આથો નાહીજ જાય તો,
આમું રંવ બધે સુખી રા. આથે.

આથો તાથો આથોજ નાહીં,
ફીરી રખે પાછો એરે રા. આથે.

સમાપ્ત.

ગાંડીવ છાપખાનું કળાપીઠ સુરતમાં નટવરલાલ વીમાવાળાએ છાપીને પ્રગટ કર્યું.